# સ્માર્ટ સિટી હેકાથોન 2020, રાજકોટ સ્પર્ધા અંતર્ગત વિદ્યાર્થીઓ માટે જરૂરી સુચનાઓ

1. સ્માર્ટ સિટી હેકાથોન 2020, રાજકોટ નીચે જણાવ્યા મુજબ યોજવાનું નક્કી કરવામા આવેલ છે.

| Venue | Saurashtra University, Rajkot | Marwadi University, Rajkot | Atmiya University, Rajkot |
|---|---|---|---|
| Date | 23rd and 24th January, 2019 | | |

2. સ્માર્ટ સિટી હેકાથોન 2020, રાજકોટ નું વિગતવાર સમયપત્રક http://ssipgujarat.in વેબસાઈટ પર ઉપલબ્ધ છે.
3. સ્માર્ટ સિટી હેકાથોન 2020, રાજકોટ માં ભાગ લેનાર વિદ્યાર્થીઓએ પોતાના મેન્ટર્સ સાથે ઉપર જણાવ્યા મુજબની તારીખ અને સ્થળે સમયસર હાજર રહેવાનું રહેશે.
4. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ ટીમ સાથે મેન્ટર આવવા જરૂરી છે.
5. સ્માર્ટ સિટી હેકાથોન 2020, રાજકોટ માં ભાગ લેવા બાબતનું બાંહેધરી પત્રક (Undertaking) તમામ વિદ્યાર્થીઓએ અને મેન્ટરે ભરવાનું રહેશે અને ભરેલ બાંહેધરી પત્રક સંસ્થા અને સ્પર્ધાના સ્થળે જમા કરાવવાનું રહેશે.
6. આ સ્પર્ધા બે દિવસ માટે ચાલનાર છે તથા બે દિવસ માટે સંસ્થા/વતનના સ્થળથી દુર રહેવાનુ હોઈ તમામ વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લેવા બાબતે માતાપિતાની લેખીત મંજુરી લેવાની રહેશે અને તેનીવિગતો સંસ્થામાં જમા કરાવવાની રહેશે.
7. સ્માર્ટ સિટી હેકાથોન 2020, રાજકોટ માટે સંસ્થા લેવલે વિદ્યાર્થીઓ અને મેન્ટર્સને મદદરૂપ થવા માટે એક નોડલ ઓફીસરની નિમણુંક સંસ્થા કક્ષાએ કરેલ હશે. આ નોડલ અધિકારીનું નામ, મોબાઈલ નંબર જેવી વિગત તમામ વિદ્યાર્થીઓએ મેળવી લેવાની રહેશે.
8. સ્માર્ટ સિટી હેકાથોન 2020, રાજકોટ નો આ તબક્કો Hardware/Software Edition છે, જેમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓએ સંબંધિત પ્રોબ્લેમનાં નિરાકરણ માટે જરૂર જણાય ત્યાં Coding કરવાનું હોઈ, વિદ્યાર્થીઓએ પોતાની સાથે પોતાનું લેપટોપ તથા અન્ય જરૂરી એસેસરીઝ પણ લાવવાની રહેશે. આ લેપટોપમાં જરૂરી સોફ્ટવેર પ્રી-ઈંસ્ટોલ કરવાના રહેશે અને સોફ્ટવેરના લાઈસન્સ સંબંધિત તમામ જવાબદારી વિદ્યાર્થીની રહેશે.
9. વિદ્યાર્થીઓએ સ્પર્ધાના પ્રથમ દિવસે સમયપત્રકમાં દર્શાવ્યા મુજબ સંબંધિત સ્થળે હાજર રહેવાનુ રહેશે અને બીજા દિવસે પોતાની સંસ્થા/વતન પરત ફરવાનું રહેશે. આ સ્પર્ધાના બન્ને દિવસ દરમ્યાન વિદ્યાર્થીઓએ ટીમ લીડર તથા મેન્ટર ફેકલ્ટી દ્વારા આપવામાં આવતી તમામ સુચનાઓનું વિદ્યાર્થીઓએ પાલન કરવાનુ રહેશે.
10. સ્પર્ધાના સ્થળે વિદ્યાર્થીઓ માટે ચા-કોફી-નાસ્તો-લંચની વ્યવસ્થા સંબંધિત યજમાન સંસ્થા દ્વારા પુરી પાડવામાં આવશે.
11. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓએ સ્પર્ધાના સ્થળે વખતોવખત આપવામાં આવતી તમામ સુચનાઓનું પાલન કરવાનું રહેશે તથા શિસ્ત અને સ્વચ્છતા જાળવવાની રહેશે.
12. સ્માર્ટ સિટી હેકાથોન 2020, રાજકોટ માં ભાગ લેનાર તમામ વિદ્યર્થીઓની ટીમોએ તેઓના પ્રોબ્લેમના સોલ્યુશન માટે જરુરી પ્રોટોટાઈપ, કમ્પોનંટ અને અન્ય સાધન સામગ્રી સાથે લઈને આવવાનુ રહેશે.
13. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓએ લેપટોપ, મોબાઈલ તથા અન્ય કિંમતી સામાન સાચવવાનો રહેશે. જો કોઈ સામાન ખોવાશે તો તેની સઘળી જવાબદારી વિદ્યાર્થીની પોતાની રહેશે. આ બાબતે યજમાન સંસ્થા/વ્યવસ્થાપકની કોઈ જવાબદારી રહેશે નહીં.